

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૩૭ ટકા ● સાંજે ૧૪ ટકા

# પ્રકૃતિ ઉદ્યાન ખાતે પ્રાણીઓ-પક્ષીઓને ઠંડક પહોંચાડવાની વ્યવસ્થા

## પાણીના ફુવારા, એરકુલર ઉપરાંત ખસની ટટ્ટીઓ લગાડાઈ : કર્મચારીઓ દ્વારા વિશેષ જહેમત









ગાંધીનગર, તા.૨૭

હજુ ગ્રીષ્મની ઋતુને પ્રારંભ થવાની વાર છે પરંતુ રાજયભરમાં આકાશમાંથી વરસતી અગ્નિસમી ગરમીનો પ્રકોપ અત્યારથી જ એટલો વધી જવા પામ્યો છે કે માનવી સાથે પશુ-પંખી-પ્રાણીઓ પણ તેનાથી પ્રભાવિત થઈ રહ્યા છે. અંગ દઝાડતી ગરમીના ‘હીટવેવ’ને પગલે શહેરના સુપ્રસિધ્ધ પ્રાણી સંગ્રહાલય ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે વન્ય પ્રાણીઓ માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવાની ફરજ પડી છે જેમાં ખસની ટટ્ટી, પાણીના ફુવારા તથા એરકુલર સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે.

શહેરના સુવિખ્યાત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે વિવિધ પ્રકારના વન્યજીવો જેવા કે દુર્લભ પક્ષીઓ, સિંહ યુગલ સહિતના વન્ય પ્રાણીઓ, સરિસૃપો વગેરેને સુરક્ષિત રખાયા છે. આ વન્યજીવો પણ સતત વધતા જતા ગરમીના પ્રકોપથી ત્રસ્ત થઈ ઉઠે છે અને તેમનું સ્વાસ્થ્ય પણ લથડે તેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. આ સ્થિતિમાં વન્ય જીવો આકરી ગરમીનો સામનો કરી શકે તે હેતુથી પ્રકૃતિ ઉદ્યાનના સંચાલકો દ્વારા ખાસ કાળજી લેવામાં આવી રહી છે અને તેમને ઠંડક પ્રાપ્ત થાય તે માટે પાણીના સ્પ્રિંકલર્સ એટલે કે ફુવારાથી માંડીને એરકુલરની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રકૃતિ ઉદ્યાનમાં ઉપલબ્ધ દુર્લભ પક્ષીઓને ગરમીમાં રાહત મળે તે હેતુથી ખસની ટટ્ટીઓ પાંજરે લગાડી તેના પર સતત પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત પશુ-પક્ષીઓને પણ પાણીના ફુવારા દ્વારા સ્નાન કરાવી ઠંડક પહોંચાડવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે માટે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના કર્મચારીઓ મહેનત કરી રહ્યા છે.

### અબોલ પક્ષીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવા પ્રકૃતિ પ્રેમીઓની અપીલ

જે રીતે વાતાવરણમાં ગરમીનો પ્રકોપ સતત વધી રહ્યો છે અને દિવસ દરમિયાન સખત આકરા તડકાનું વાતાવરણ રહે છે તે જોતા શહેરમાં અબોલ પંખીઓ માટે પડકારરૂપ પરિસ્થિતિ સર્જાઈ રહી છે. વળી, સતત તડકાને લીધે નાના મોટા ખાબોચિયા જેવા પાણીના સ્ત્રોત પણ સુકાઈ જવાથી પક્ષીઓને દિવસ દરમિયાન પીવાના પાણીની સમસ્યા સતાવી રહી છે. અને પીવાના પાણી માટે પંખીઓને આમથી તેમ ભટકવું પડે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને શહેરના પ્રકૃતિ પ્રમીઓ દ્વારા નાગરિકોને પોતાના ઘર આંગણામાં, ધાબા પર, ટેરેસ પર કે છજામાં અથવા નજીકના વૃક્ષો પર પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડા લગાડી તેમાં સતત પાણીની વ્યવસ્થા કરવા લાગણીસભર અપીલ કરી છે.



# સરગાસણની શુકલ વિલાસ સોસાયટીમાં કોબ્રા સાપ નીકળ્યો

આકરી ગરમી વચ્ચે સરગાસણની શુકલ વિલાસ સોસાયટીમાં ગઈ કાલે રાત્રે કોબ્રા સાપ નીકળતા રહીશોમાં ભયનો માહોલ ફેલાયો હતો. સોસાયટીમાં પાર્ક કરેલા એક બાઈકમાં છુપાયેલા આ ઝેરી સાપને સર્પ પ્રેમીની મદદથી પકડી નજીકના જંગલ વિસ્તારમાં છોડી દેવાયો હતો.

શહેરમાં ગરમી વધી રહી છે. જનજીવન પ્રભાવિત છે ત્યારે પક્ષુ-પક્ષી, જીવજંતુઓ પણ પરેશાન છે. મુખ્યત્વે જમીન અને ઠંડક વિસ્તારમાં અને વધુ ચોમાસામાં જ જોવા મળતા સાપ આજે ગરમીના લીધે દેખાઈ રહ્યા છે. ગાંધીનગરના સરગાસણ સ્થિત શુકલ વિલાસ સોસાયટીમાં કોબ્રા (નાગ) દેખાયો હતો. સોસાયટીના રહેવાસી પ્રિયંક ઠકકર દ્વારા સાપને તલીફ ન પડે અને સુરક્ષિત જગ્યાએ જાય તે માટે વિશેષ જહેમત ઉઠાવવામાં આવી હતી. આ ઉપરાંત ગાંધીનગરના સપ્ર પ્રેમી જયેન્દ્રસિંહ સોલંકી અને જીગરભાઈ પટેલ દ્વારા નાગને સુરક્ષિત જગ્યાએ છોડી મુકવામાં આવ્યો હતો. ગુજરાતમાં દેખા દેતા ચાર જાતના સાપ જે ઝેરી કહેવાય છે તેમાંના આ કોબ્રા (નાગ)ના દેખાવવાનું મુખ્ય કારણ જમીનમાં વધતો ગરમાવો છે. આ ઉપરાંત શહેરની દરક જમીનમાં હવે કોંક્રિટના જંગલો બની રહ્યા છે. દરેક જગ્યાએ બિલ્ડીંગ બની રહ્યા છે ત્યારે સુરક્ષિત જગ્યા ન મળતા સર્પો સોસાયટીમાં જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત સોસાયટીના ગાર્ડન વિસ્તારમાં અનુભવાતી પાણીની ઠંડક અને ત્યાં રહેતા દેડકા અને ઉંદરના લીધે પણ સાપનું ત્યાં જવું એ બની શકે છે.

# ખ-૬ પાસે કારમાં આગ ભભુકી



ઉનાળાના પ્રારંભે આગ લાગવાના કિસ્સામાં વધારો થવા પામ્યો છે. ઉનાળામાં ઓવરલોડને કારણે મીટર બોક્ષ તેમજ શોર્ટ સર્કિટના કારણે આગ લાગતી હોય છે. ત્યારે આગ ઓકતી ગરમીમાં માર્ગ પર જતી કાર પણ અચાનક સળગી ઉઠે છે.શહેરના ખ-૬ પાસે આજે બપોરના સુમારે અચાનક મારુતિ ફન્ટી કાર નં.જી.જે.૧૮ એ.એ.-૯૬૮૨ આગળના ભાગે આગ લાગી હતી. કાર માલિક કારમાંથી ઉતરીને ભાગી ગયા હતા.જયારે ફાયર બ્રિગેડને કોલ મળતા તાત્કાલીક ફાયર ઓફિસર મહેશ મોડ તેમના કાફલા સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને આગ પર કાબુ મેળવી લીધો હતો. જેથી કારમાં પાછળના ભાગે નુકશાન થતુ અટકી ગયું હતું.જયારે આગળનો ભાગ બળીને ખાક થઈ જવા પામ્યો હતો.

# શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા ૨૫૦ મોટી પાણીની કુંડીનું વિનામૂલ્યે વિતરણ કરાયું




ગાંધીનગર, તા.૨૭

અબોલ પશુ-પક્ષીઓને ઉનાળાની કાળઝાળ ગરમીમાં પીવાના પાણીની સુવિધા મળી રહે તેવા ઉમદા હેતુથી જે પરિવાર પોતાના આંગણે કુંડી રાખીને પાણી ભરવાની જવાબદારી લેવા તૈયાર હોય તેઓને શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા ગત ગુરુવારના રોજ પાણી ભરવા માટેની ૧૦૦ મોટી કુંડીનું વિતરણ શ્રી જલારામ મંદિરના આંગણે કરવામાં આવ્યું હતું.

આ સેવા કાર્યને જીવદયાપ્રેમીઓ તરફથી બહોળો પ્રતિસાદ મળતા ઘણા સેવાભાવી લોકો કુંડી મેળવવાથી વંચિત રહ્યા હતા. તેઓ આ સેવાયજ્ઞમાં સહભાગી બની શકે તેથી જલિયાણ સેવા ગૃપ દ્વારા ફરી એકવાર તા. ૨૫/૦૪/૨૦૧૯, ગુરૂવારના રોજ વહેલા તે પહેલાનાં ધોરણે બીજી ૧૫૦ મોટી પાણીની કુંડીનું વિતરણ શ્રી જલારામ ધામ ખાતે કરવામાં આવ્યું હતું જેને ખૂબ જ આવકાર મલ્યો હતો. આ સેવાયજ્ઞમાં કુલ ૨૫૦ મોટી કુંડીઓનું વિતરણ કરાયું હતું.

આ સેવાયજ્ઞમાં જે પરિવાર પાણીની કુંડી લઈ ગયેલ તેમણે તે જ કુંડીમાં અબોલ પશુઓના પાણી પીતા ફોટા સંસ્થાને મોકલતા શ્રી જલીયાણ સેવા ગ્રુપના નિલેષ પુજારા, પાર્થ ઠક્કર, ઉષાંગ પારેખ, સંજય ખખ્ખર, અમીત હાલાણી, ધવલ દત્તાણી, સંજય સંઘાણી, જીગ્નેશ હાલાણી વગેરેએ આ જીવદયાના સેવાકાર્યને સફળ બનાવવા કરેલી જહેમત સાર્થક નીવડેલ. આ સેવાકાર્યની પ્રવૃત્તિમાં શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ સેવંતીલાલ ઠક્કર, મંત્રી અશોકભાઈ પોપટ, કોષાધ્યક્ષ કિરીટભાઈ એચ. ઠક્કર, પત્રકાર કિશોરભાઈ અંજારીયાએ વિશેષ ઉપસ્થિત રહી આ સેવા કાર્યને બિરદાવેલ તેમજ કુંડી વિતરણ વ્યવસ્થામાં વિનોદ ઉદેચા, મહેન્દ્રભાઈ ઠક્કર, કુશ ઉદેચા, હર્ષ ઉદેચા, મિથિલેષ ઠક્કર, સ્મિત ઠક્કર, યુગ પારેખ સહિત અનેક કાર્યકરો જોડાયા હતા. કુંડીને સ્થળ ઉપર પહોંચાડવા શ્રી સ્વામિનારાયણ એન્ટરપ્રાઈઝ દ્વારા વાહનની સેવા પૂરી પાડવામાં આવી હતી.

# રાયપુર નર્મદા કેનાલમાં ત્રણ કિશોર ડુબ્યા

## બે સગાભાઈ અને એક પાડોશીનો દિકરો મોતને ભેટ્યા માતાનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલ દિન પ્રતિદિન ગોઝારી બનતી જાય છે. કેનાલમાં આંતરે દિવસે કોઈનો મૃતદેહ તરતો જોવા મળે છે. ત્યારે શનિવારના રોજ બપોરના સુમારે રાયપુર નર્મદા કેનાલમાં ત્રણ કિશોરનું ડુબી જતા મૃત્યું નિપજયું છે. માતા કેનાલ પાસે કપડા ધોવા માટે આવ્યા હતા તે સમયે ઘટના સર્જાઈ હતી. જયારે બાળકોને બચાવવા માટે પાણીમાં પડેલા માતાનો આબાદ બચાવ થયો છે. સ્થાનિક તરવૈયા અને ફાયરની ટીમની મદદથી ત્રણેય કિશોરના મૃતદેહને બહાર લાવવામાં આવ્યા હતા.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ નાના ચિલોડા ખાતે રહેતા અને રાયપુર ગામે સામાજીક પ્રસંગે સંદિપ દિપકભાઈ ઠાકોર ઉં.વ.૧૫ અને કૃણાલ દિપકભાઈ ઠાકોર ઉંવ-૧૧ તેમની માતા સાથે રાયપુર ગામે ગયા હતા. ત્યારે પોતાની બાજુમાં નાના ચિલોડા ખાતે રહેતો મિત્ર મયુર રતનલાલ ઉં.વ.૧૧ પણ દિપક અને કૃણાલ સાથે સામાજીક પ્રસંગે ગયો હતો. ત્યારે આજે બપોરના સુમારે માતા સાથે દિપક, કૃણાલ અને મિત્ર મયુર ત્રણેય જણા રાયપુર નર્મદા કેનાલ ખાતે કપડા ધોવા માટે ગયા હતા. તે સમયે આ ત્રણમાંથી અચાનક એક કિશોરનો પગ લપસ્યો હતો અને ડુબતા કિશોરને બચાવવા માટે અન્ય બે કિશોર અને તેની માતા પણ કેનાલમાં કુદી પડી હતી. કેનાલમાં ચાર જણા પડ્યાની વાત વાયુવેગે પ્રસરતા સ્થાનિક નાગરીકો કેનાલ પાસે દોડી આવ્યા હતા. સ્થાનિક તરવૈયાઓ ત્રણેય કિશોર અને માતાને બચાવવા માટે અંદર પડ્યા હતા. પરંતુ સંદિપ-કૃણાલ અને તેમનો મિત્ર મયુર પણ ઉંડા પાણીમાં ગરકાવ થતા મોતને ભેટ્યા હતા. જયારે સ્થાનિક તરવૈયાઓને માતાને બચાવી લેવામાં સફળતા મળી હતી. જો કે વ્હાલસોયા બે દિકરાના મોતને પગલે માતાના આક્રંદથી સમગ્ર રાયપુર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. જયારે બનાવ અંગે ફાયરની ટીમને જાણ થતા તેઓ તાત્કાલીક સ્થળ પર પહોંચીને સ્થાનિક તરવૈયા અને ફાયરના જવાનોની મદદથી ત્રણેય કિશોરના મૃતદેહને બહાર નીકાળ્યા હતા. ત્રણેય બાળકોના મૃતદેહને પગલે પરિવારજનોની સાથે સમગ્ર ગામ હિંબકે ચડ્યું હતું. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ બી.આર.રાઠોડ ચલાવી રહ્યા છે.

### જેઠીપુરા ગામે વરલી મટકાનો જુગાર રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના જેઠીપુરા ગામે પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં કેટલાક શખ્સો આંક ચકરડીનો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી ડભોડા પોલીસને મળી હતી. ડભોડા પોલીસની ટીમના જવાનોએ બાતમીવાળી જગ્યા પર રેઈડ કરતા ઈમરાન અબ્દુલભાઈ વાડીયા ઉં.વ. ૩૨ રહેવાસી માંડલ, ડેકીવાસ ઈબ્રાહીમ રસુલભાઈના મકાનમાં તા. માંડલ જી. અમદાવાદ તે આંક ચકરડીનો જુગાર રમાડતા રોકડ રૂ. ૧૨૦૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી ડભોડા પોલીસે કરી છે.

### મુકિતધામમાં પશુ પક્ષી માટે નિ:શુલ્ક સેવા

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત મુકિતધામ ખાતે ચાલતા પ્રાણી-પક્ષી ઘરમાં મુંગા પશુ પક્ષીઓની સેવા માટે ગરમીમાં રાહત, ખોરાક અને દવા મળી રહે તેવી વ્યવસ્થા કરેલી છે. સંસ્થા દ્વારા ગાંધીનગરના રહેવાસીઓને જણાવાયુ છે કે જો કોઈ પશુ-પક્ષી બિનવારસી, બિમાર, અપંગ, ઘાયલ જણાય તો તેને સે-૩૦ સ્થિત મુકિતધામ સ્મશાન ખાતે પહોંચાડવા.

# મુકિતધામ ખાતે રૂ. ૧૫૦ના દરથી એસી શબવાહિની સેવા ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નગરપાલિકા સંચાલિત સેકટર-૩૦ ખાતે ‘મુકિતધામ’ સ્મશાન દ્વારા અંતિમક્રિયા માટે નનામી લઈ જવા શબવાહિનીની સેવાના દર જાહેર કરવામાં આવ્યા છે. આ મુજબ ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાંથી નનામી લઈ જવા માટે રૂ.૧૫૦ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ એટલે કે ગુડા વિસ્તારમાંથી નનામી લઈ જવા માટે રૂ.૨૫૦નો ચાર્જ નિયત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મુકિતધામ દ્વારા ગુજરાતમાં કોઈ પણ સ્થળે મૃતાત્માના પાર્થિવ શરીરને લઈ જવાની સેવા માટે શબવાહિનીની સેવા પ્રતિ કીલોમીટર દીઠ રૂ.૧૦ના ચાર્જથી ઉપલબ્ધ રહેશે તેવું અખબારી યાદીમાં જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુકિતધામ દ્વારા વાતાનુકુલિત (એસી) શબવાહિનીની સુવિધા પુરી પાડવામાં આવે છે જે અત્યારના આકરી ગરમીના માહોલમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. શબવાહિનીની સેવાનું બુકિંગ કરવા માટે મુકિતધામના મોબાઈલ નં. ૯૦૯૯૦૧૦૫૮૫ અને મોબાઈલ નં. ૯૮૨૪૦૨૯૯૦૨ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.



જલારામ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા શહેરના શ્રમિક વર્ગને છાશ અને પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મંડળના સભ્યો નીતાબેન ધોકાઈ, ઉષાબેન ઠકકર, દિપ્તીબેન દાસાણી, વિદ્યાબેન તન્ના એ વિશેષ જહેમત ઉઠાવી હતી.

# આજે રાંધેજા ખાતે ‘ધો-૧૦ અને ૧૨ પછી શું?’ અંગે નિ:શુલ્ક કારકિર્દીલક્ષી સેમિનાર

ગાંધીનગર, તા.૨૭

આજના યુગમાં બાળકોના શિક્ષણ સાથે સાથે યોગ્ય કારકિર્દી ઘડતર માટે મા-બાપ સૌથી વધુ ચિંતિત જોવા મળે છે.ખાસ કરીને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓ બાદ કારકિર્દીલક્ષી યોગ્ય દિશા પંસદ કરવી તે વિદ્યાર્થીઓ ઉપરાંત મા-બાપ માટે પણ ચિંતાનો વિષય હોય છે અને અત્યારે અનેક પ્રકારની તકો સાથે વિવિધ જાહેરાતોની ભરમાર પણ હોવાના કારણે વાલીઓની મુંઝવણમાં વધારો થાય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના વાલીઓ ઘણા અવઢવમાં મુકાતા જોવા મળે છે. આ સંજોગોમાં રાંધેજાની રોયલ ભુદેવ પરશુરામ સેના અને ગાંધીનગરની સમસ્ત બ્રહ્મવિકાસ પરિષદની યુવા પાંખ દ્વારા રવિવારે રાંધેજા ખાતે નિ:શુલ્ક કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારનુ તા. ૨૮મી એપ્રિલ રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન રાંધેજાના માંડવી ચકલામાં બ્રહ્મસમાજની વાડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધો-૧૦ અને ધો-૧૨ પછી શું કરવું તે અંગે વિના મૂલ્યે માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. આ સેમિનારમાં રાંધેજા તથા આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓ તથા વાલીઓએ ભાગ લેવા રોયલ ભુદેવ પરશુરામ સેના અને સમસ્ત બ્રહ્મવિકાસ પરિષદની યુવા પાંખ દ્વારા જાહેર અનુરોધ કરાયો છે.

### ચિરવિદાય

- સ્વ. ચંપાબેન માવજીભાઈ વઢીયારી, ઉ.વ. ૭૦
- સ્વ. બાલુબેન લક્ષ્મણજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. પટેલ નર્મદાબેન નરસિંહભાઈ, ઉ.વ. ૬૧
- સ્વ. પટેલ નરસિંહભાઈ હંસરાજભાઈ, ઉ.વ. ૬૧
- સ્વ. જશુજી ગાંડાજી ભાટી, ઉ.વ. ૭૦